## બાળગીતોની ભાષામાં પ્રાણીપરિચયનું પુસ્તક | નટવર પટેલ

[**'દુનિયા અજાયબઘર' :** કવિ ગુલામ અબ્બાસ 'નાશાદ', પ્ર. લેખક પોતે, પ્ર. આ. ૨૦૦૮, ડબલ ક્રાઉન પૃ. ૫૬+૮, કિં. રૂ. ૮૫/-]

કવિશ્રી ગુલામ અબ્બાસ 'નાશાદ'નો આ છઠ્ઠો બાળકાવ્યસંગ્રહ છે એટલે આ સંગ્રહની રચનાઓમાં કવિની અનુભવી કલમ દ્વારા કાવ્યમય શૈલીમાં પ્રાણીસૃષ્ટિનું વર્ણન ધ્યાનાર્હ બની રહે છે. અહીં કવિએ પશુ, પંખીઓ તથા જીવજંતુઓની એક આગવી દુનિયાનું બાળકોને દર્શન કરાવ્યું છે. આ સંગ્રહમાં બાળકો જેનાથી સુપરિચિત છે તેવાં જૈવિક પાત્રો જેવાં કે પતંગિયું, ગાય, હાથી, ઘોડો, કાગડો, કીડી, ઉંદર, બિલાડી, કૂતરો વગેરે છે; તો જેના નામમાત્રથી કેટલાંક બાળકો પરિચિત છે અને ઝૂ સિવાય કે ટીવી/ફિલ્મના પડદા સિવાય જોવા ન મળતાં એવાં વિચિત્ર જીવો જેવાં કે ચિમ્પાન્ઝી, હિપોપોટેમસ, વ્હેલ, શાર્ક, બાજ, અજગર, જિરાફ, ઝીબ્રા, શાહમૃગ, ગેંડો વગેરે પણ છે. આ કાવ્યોના સળંગ વાચનથી તમને એમ જ લાગે કે જાણે તમે કોઈ પ્રાણીસંગ્રહાલયમાંથી સદેહે પસાર થઈ રહ્યા છો તેથી આ કાવ્યસંગ્રહનું નામ 'દુનિયા અજાયબઘર' સાર્થક બની રહે છે.

અહીં મોટા ભાગનાં કાવ્યો પ્રાણીઓનાં મુખમાં મુકાયાં છે તેથી તે વધારે પોતીકાં લાગે છે. 'સિંહ' કાવ્યની આ પંક્તિઓ જુઓ :

**'હું જંગલનો બાદશાહ
ઓળખ મારી શક્તિ
નાનાં-મોટાં સૌ પ્રાણી
મારી કરે છે ભક્તિ.'**

'જિરાફ' કાવ્યમાં જિરાફ પોતાની ઓળખ આમ આપે છે :

**'લાંબી મારી ડોક છે,
લાંબા મારા પગ,
ધાર્યા ના હોય એવા છે
મારા લાંબા ડગ.'**

થોડીક જ રચનાઓમાં કવિ પોતે જે-તે પ્રાણીનું વર્ણન કરે છે. જેમકે

**'રંગબેરંગી પાંખો લઈને
ફરફર પતંગિયું ઊડતું,
બાળકોને ગમતું રે ભાઈ
બાળકોને ગમતું.'** ('પતંગિયું')

'કૂકડો' કાવ્યની આ પંક્તિઓ જુઓ :

**'સૂરજની પહેલી કિરણે
બાંગની છે પોકાર,
સંદેશો આપે છે સૌને
જાગો થઈ સવાર.'**



અહીં કિરણ શબ્દને કવિએ નારીજાતિ તરીકે પ્રયોજ્યો છે, વાસ્તવમાં કિરણ નાન્યતર જાતિ શબ્દ છે; તેથી અહીં 'સૂરજના પહેલા કિરણે' પંક્તિ હોવી ઘટે. 'કૂકડો' કાવ્યની આ પંક્તિઓ વાંચતાં સહેજે કૃષ્ણલાલ શ્રીધરાણીની જાણીતી રચના 'અમે તો સૂરજના છડીદાર' યાદ આવ્યા વગર નહીં રહે.

કવિએ અહીં પ્રાણીઓના શરીરના દેખાવ ઉપરાંત એમની સ્વભાવગત આદતો વિશે પણ વાત કરી છે. 'બિલાડી' રચનામાં આ જુઓ :

**'દૂધ મને ભાવે છે ને
ભાવે ઉંદર-છછૂંદર,
મારા માટે છે ખોરાક
ચકલી-મરઘી-કબૂતર.'**

તો વળી 'શ્વાન' નામની રચનામાં કવિ કૂતરા વિશે કહે છે :

**'લૂણ જેનું ખાઉં છું હું
એને કામ હું આવું,
જીવના જોખમે પણ હું
કિંમત એની ચૂકવું.'**

અહીં 'આવું' સાથે 'ચૂકવું'નો પ્રાસ ખટકે છે.

બાળવાચકો માટે 'લોકવાયકા' શબ્દ સમજવો અઘરો પડે. 'વરુ' નામની રચનામાં કવિએ લોકવાયકાની વાત કંઈક આ રીતે કરી છે :

**'હું વરુ છું ને વરુ બને કદી ના માનવ
માનવ શી રીતે બને પૂનમે વરૂ માનવ
લોકવાયકાએ કીધો રે કીધો એવો બેહાલ.'**

આ ત્રણ પંક્તિઓમાં વરુ વિશેની કઈ લોકવાયકાની વાત કવિ કરવા માગે છે એ સ્પષ્ટ થતું નથી. આ જ કાવ્યમાં કવિએ 'લુપ્તિ' શબ્દ પણ વાપર્યો છે, જે બાળવાચકોને સમજવો અઘરો પડે તેવો છે. ત્યાં 'વિનાશ' એવો પ્રચલિત શબ્દ પ્રયોજી શકાયો હોત તો પ્રાસ કે લયને વાંધો આવતો નથી.

'હાથી' નામની રચનામાં અંત્યાનુપ્રાસો પરાણે ગોઠવવામાં કવિએ બાળકોને ન સમજાય એવી પંક્તિઓ પણ ગોઠવી છે. જેમકે, 'કાયા' સાથે 'માયા'ની આ પ્રાસરચના જુઓ :

**'ભારે મોટા જંગલમાં, કેવળ મારી માયા,'**

તો વળી, 'કાન' સાથે પ્રાસ મેળવતી આ પંક્તિ જુઓ :

**'મોટું મારું પેટ છે, ભારે મારું ધાન'**

'દીપડો' નામની રચનાની છેલ્લી આ પંક્તિઓ કાવ્યત્વને હાનિ પહોંચાડે તે પ્રકારની છે. એ પંક્તિઓ ન હોત તો પણ રચના પૂર્ણ લાગત. વળી, આ પંક્તિઓમાં વ્યાકરણદોષ પણ જોવા મળે છે. જુઓ :

**'ખોટી મોટી મારું નામ
હું કંઈ ભારે દહાડ,**

**શિકાર મારો ધર્મ છે**
**ના સમજો એ પાપ.'**

જંગલમાં રહેનારાં માંસાહારી પ્રાણીઓ શિકાર કરે એ દેહધાર્મિક ક્રિયાનો જ એક ભાગ થયો.

'ગેંડો' નામની રચનામાં 'ગર', 'મણબદ્ધ' આ શબ્દો બાળકોને સમજાય એવા નથી.

**'કોઈ મને ગર છોડે,**
**એને કદી ના છોડું'**

આ જ કાવ્યની અન્ય પંક્તિઓ જુઓ :

**'મારી મસ્તીમાં જ ચરું**
**મણબદ્ધ લીલું ઘાસ,**
**લીટરબદ્ધ જળ જોઈએ**
**લાગે જ્યારે પ્યાસ.'**

કવિને અહીં ગેંડા વિશે આમ કહેવું છે કે ગેંડાને ઘણોબધો ખોરાક અને ખૂબ જ પ્રમાણમાં પાણી જોઈએ છે. પરંતુ આ ભાવ કવિ અહીં સ્પષ્ટ કરી શક્યા નથી. કવિની કવિત્વશક્તિનાં દર્શન આવા ભાવને સરળ રીતે કઈ રીતે પ્રયોજી શકાય, તેમાં જ થાય છે. કવિએ અહીં દરેક કવિતા માટે શીર્ષકો પણ જે-તે પ્રાણીનાં નામ મૂકીને ચલાવ્યું છે એ યોગ્ય નથી. કોઈ વિશિષ્ટ શીર્ષક મૂકવું જોઈએ, જેથી આ રચનાઓ અન્ય કવિની આ જ પ્રકારની રચનાઓ કરતાં અલગ પડે. વળી, પ્રાણી વિશે તમામ હકીકત એક જ રચનામાં આવી જવી જોઈએ એવો દુરાગ્રહ પણ શા માટે ? આ કવિતા છે, નિબંધ નથી. કાવ્યમાં લય, પ્રાસ, ઢાળ વગેરે જળવાય એટલી જ વાત થાય તો જ કાવ્યની રચનાની મજા. ને એમાં બાળકાવ્ય જેવી રચના હોય ત્યારે તો એકએક શબ્દ તોલીતોલીને મૂકવો પડે. અઘરા શબ્દને સ્થાને શોધીને એવા જ ભાવવાળો – અર્થવાળો શબ્દ પ્રયોજાય ત્યાં સુધી પેલા શબ્દને રાખવો જોઈએ. અઘરા શબ્દો ન પ્રયોજાય એવું નથી, પરંતુ એનો ભાવાર્થ બાળવાચકને સમજાય એ રીતે સહજ રીતે આવી જાય તો ભાર પણ ન લાગે.

પુસ્તક સચિત્ર છે એટલે બાળકોને તે ગમશે. છતાં ક્યાંક ક્યાંક વિરામચિહ્નો મૂકવાનાં રહી ગયાં છે, તે ખટકે છે. દા.ત. 'ભેંસ', 'ગાય', 'બિલાડી' વગેરે રચનાઓ. 'બિલાડી' નામની રચના ૧૮ પંક્તિની છે, પણ ક્યાંય એક પણ વિરામચિહ્ન નથી ! બાળસાહિત્યમાં કેટલાંક પુસ્તકો વ્યાકરણદોષ અને જોડણીદોષવાળાં જોવા મળે છે ત્યારે મનમાં દુ:ખ થાય છે કે બાળકો એ વાંચીને કઈ રીતે શુદ્ધ ભાષાજ્ઞાન મેળવશે ? તો વળી ક્યાંક 'ને' સંયોજક શબ્દ સાથે પ્રત્યય રૂપે જોડાઈ ગયા છે, તેથી ત્યાં વાક્યનો અર્થ પણ બદલાઈ જાય છે. ઉદાહરણ તરીકે 'હિપોપોટેમસ' કાવ્યની પાંચમી પંક્તિ જુઓ :

**મારા વિશાળ જડબાંને**
**ખંજર જેવા દાંત**

અહીં જડબાં સાથે 'ને' જોડાયેલ છે, જે છૂટો લખવો જોઈએ. એ જ રીતે 'વાઘ' કાવ્યની ૧૯મી પંક્તિમાં



**હવે તો માત્ર ભારતને**
**ચીન-ઇન્ડોનેશિયા**

અહીં ભારત સાથે 'ને' જોડાઈ ગયો છે, જે છૂટો લખવો પડે.

કેવળ પ્રાણીજગતને ધ્યાનમાં રાખી પંચાવન રચનાઓ આપવી એ કોઈ કવિ માટે રમત-વાત તો નથી જ. કવિશ્રી 'અબ્બાસ'ને આવા નવતર પ્રયોગ માટે આપણે આવકારીએ.

r